પ્રિય પરિવારો,

24 એપ્રિલથી 12 મે, 2023 સુધી, યૉર્ક રિજ્યન ડિસ્ટ્રિક્ટ સ્કૂલ બોર્ડ વિદ્યાર્થીઓને 'દરેક વિદ્યાર્થી મહત્વના છે' એ સર્વેક્ષણમાં સામેલ કરશે. ό

## સર્વેક્ષણની વહીવટ પ્રક્રિયા

- કિન્ડરગાર્ટનથી ગ્રેડ 3ના વિદ્યાર્થીઓ - સાથે આમંત્રણ પત્ર ઘરે મોકલવામાં આવશે અને તેમના પરિવારો સાથે ઘરે સર્વેક્ષણ પૂર્ણ કરવા પ્રોત્સાહિત કરવામાં આવે છે.
- કિન્ડરગાર્ટનથી ગ્રેડ 3 સુધીના EVSમાં હાજરી આપતા વિદ્યાર્થીઓના પરિવારોને સર્વેક્ષણ ભરવા અંગે એક અલગ સંદેશ પ્રાપ્ત કરશે.
- ગ્રેડ 4થી12 ના વિદ્યાર્થીઓને સર્વેક્ષણ પૂર્ણ કરવા માટે વર્ગમાં સમય આપવામાં આવશે.
- જે વિદ્યાર્થીઓના પરિવારોએ સર્વેક્ષણથી અલગ રહેવાનું પસંદ કર્યું છે તેઓને તે પ્રાપ્ત થશે નહીં.

આ સર્વેક્ષણ વિદ્યાર્થીઓ અને પરિવારોને તેમના અનુભવો અને મૂલ્યવાન પ્રતિસાદ વહેંચવાની તક આપે છે. એકત્રિત કરવામાં આવેલી માહિતી વિદ્યાર્થીઓની વિવિધ જરૂરિયાતોને સંતોષવાનું ચાલુ રાખવામાં તેમજ ભણવામાં આવતા અવરોધોને ઓળખવામાં અને તેને દૂર કરવામાં બોર્ડને મદદ કરશે.

'દરેક વિદ્યાર્થી મહત્વના છે' એ સર્વેક્ષણ વિશેની માહિતી તેમજ પરિવારો સાથેના ભૂતકાળના સંદેશાઓ બોર્ડની વેબસાઇટ પર ઉપલબ્ધ છે.

આ મહત્વપૂર્ણ પહેલને તમારું સમર્થન આપવા બદલ આભાર.

ભવદીય,

Scott Yake
Director of Education (Interim)
શિક્ષણ નિયામક (વચગાળાના)